ગુજરાત સરકરાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પરિપત્ર ક્રમાંક : શઉઅ-૧૨૨૦૦૪-નોંધ-૫૦૨૯-આર

સચિવાલય, ગાંધીનગર.

તા.૪.૮.૨૦૦૪

**પરિપત્ર**

ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ, ૧૯૬૨ ની જોગવાઇઓ અન્વયે શહેરી સ્થાનિક વિસ્તારોમાંથી શિક્ષણ ઉપકરની વસુલાત નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા કરવામાં આવે છે. શિક્ષણ ઉપકર એ રાજ્ય સરકારનો વેરો છે તથા અધિનિયમની જોગવાઇઓ અન્વયે પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન મળે તે હેતુથી સરકારે ઠરાવેલ ધોરણે જે તે શહેરી સ્થાનિક સંસ્થાઓને તેઓ ઉપકરની વસુલ લીધેલ રકમ તિજોરી જમા કરાવે ત્યારબાદ જમા કરાવેલ રકમની નિયત ટકાવારી મુજબ જે તે સંસ્થાને રકમ પરત આપવામાં આવે છે. આ હેતુ માટે પ્રતિવર્ષ બજેટમાં જોગવાઇ પણ કરવામાં આવે છે. તેમજ જે તે શહેરી સ્થાનિક સંસ્થાએ જમા કરાવેલ રકમ પૈકી તેને મળવાપાત્ર રકમ મળવા અંગે હાલની પ્રથા મુજબ જે તે સંસ્થા સંબંધિત કલેક્ટરશ્રી મારફત શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને દરખાસ્ત મોકલે છે. વિભાગ દ્વારા તેની ચકાસણી કરી નિયમાનુસાર મળવાપાત્ર રકમની ફાળવણી જે તે સંસ્થાને કલેક્ટરશ્રી મારફત કરે છે. આ હેતુ માટે નગરપાલિકા નિયામકશ્રીને નોડલ ઓફિસર તરીકેની કામગીરી સોંપવામાં આવેલ છે.

શિક્ષણ ઉપકર સિવાયના અનુદાન વગેરેની શહેરી સ્થાનિક સંસ્થાઓને ચૂકવણી કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા બજેટ જોગવાઇ કરી નાણાકીય ઉપલબ્ધિ ધ્યાનમાં લઇ શહેરી સ્થાનિક સંસ્થાઓને ચૂકવણી કરવા માટે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તેમજ નગરપાલિકા નિયામકશ્રી મારફત ફાળવણી કરવામાં આવે છે. જ્યારે શિક્ષણ ઉપકરની બજેટ જોગવાઇની સાથોસાથ ફાળવણી પણ સીધી જ વિભાગ કક્ષાએથી કરવામાં આવે છે. આ બાબત પુખ્ત વિચારણાને અંતે ફેરફાર યોગ્ય જણાતા હવે પછી જે તે શહેરી સ્થાનિક સંસ્થાને શિક્ષણ ઉપકરની રકમની ફાળવણી નગરપાલિકા નિયામકશ્રીએ કરવાની રહેશે. એટલે કે હવે પછી તમામ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓએ (નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓએ) શિક્ષણ ઉપકરનું અનુદાન મેળવવા માટે સંબંધિત કલેક્ટરશ્રી મારફતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને બદલે નગરપાલિકા નિયામકશ્રીને દરખાસ્ત કરવાની રહેશે તથા યથાપ્રસંગ નગરપાલિકા નિયામકશ્રીએ તેની ચકાસણી કરી તેમની કક્ષાએથી ફાળવણી હુકમો કરવાના રહેશે. આ અંગેના હિસાબો નગરપાલિકા નિયામકશ્રીએ રાખવાના રહેશે તેમજ આ હેતુ માટે જરૂરી નાણાકીય વ્યવસ્થા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ મારફત અંદાજપત્રીય જોગવાઇ કરાવવાની રહેશે.

આથી તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓને તેમજ તમામ નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓને શિક્ષણ ઉપકરના હેતુસર ઉપર્યુક્ત બાબતની નોંધ લેવા તથા હવે પછી નગરપાલિકા નિયામકશ્રીનો સંપર્ક સાધવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.ગોહિલ)
ઉપ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

(પાછળ)

<u>નકલ રવાના :</u>

૧. સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
૨. નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
૪. તમામ જીલ્લા કલેકટરશ્રીઓ .
૫. તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
૬. તમામ નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ.
૭. એ.જી. રાજકોટ.
૮. સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
૯. સર્વે અધિકારીશ્રીઓ તથા શાખાઓ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.